# ગુજરાત યુનિવર્સિટી
# અમદાવાદ

નં.એકેડેમિક/ ૩૧૨૭૦/૨૦૧૨ તા. ૨૯-૬-૨૦૧૨

**પરિપત્ર:-**

વિનયન,વિજ્ઞાન,વાણિજય,શિક્ષણ અને કાયદા વિધાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ

શ્રીમાન,

શૈ.વર્ષ.૨૦૧૨-૧૩ માટે સત્રોની ગોઠવણી ઓર્ડિ-૭૫માં જે નિયત કરવામાં આવી છે તે મુજબ સત્રોની ગોઠવણી નીચે પ્રમાણે રાખવા કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે.

| ક્રમ | વર્ષ | તારીખ | કામકાજના દિવસો |
|---|---|---|---|
| ૧ | પ્રથમ સત્ર:( તૃતીય વર્ષ માટે) | ૧૫-૬-૨૦૧૨ થી ૧૦-૧૧-૨૦૧૨ | ૧૨૦ |
| ૨ | પ્રથમ સત્ર:I/III Sem: | ૦૧-૦૭-૨૦૧૨ થી ૧૦-૧૧-૨૦૧૨ | ૧૦૬ |
| ૩ | દિવાળી વેકેશન | ૧૧-૧૧-૨૦૧૨ થી ૦૨-૧૨-૨૦૧૨ | ૨૧(+૧ રવિવાર) |
| ૪ | દ્વિતીય સત્ર(તૃતીય વર્ષ માટે) | ૦૩-૧૨-૨૦૧૨ થી ૨૬-૦૪-૨૦૧૩ | ૧૧૬ |
| ૫ | દ્વિતીય સત્ર (Sem II & IV) | ૦૧-૦૧-૨૦૧૩ થી ૨૦-૦૪-૨૦૧૩ | ૮૬ |
| ૬ | ઉનાળુ વેકેશન | ૨૭-૦૪-૨૦૧૩ થી ૧૪-૦૬-૨૦૧૩ | ૪૯ |

*પ્રથમ અને દ્વિતીય વર્ષ (CBCS)ની આંતરિક તેમજ યુનિવર્સિટી (END SEMESTER EXAM) તથા તૃતીય વર્ષની કોલેજો દ્વારા લેવાનારી આંતરિક પરીક્ષા તથા યુનિવર્સિટી દ્વારા લેવાનારી વાર્ષિક પરીક્ષાઓ સહિતની તમામ પરીક્ષાઓ નીચે પ્રમાણે લેવાની રહેશે.

**૭: આંતરિક પરીક્ષા:**

(અ)સેમેસ્ટર-I (પ્રથમ વર્ષ) અને સેમેસ્ટર-III (દ્વિતીય વર્ષ)ના CBCS આધારિત તમામ સબંધિત અભ્યાસક્રમોમાં આંતરિક કસોટી દોઢ કલાકની ૫૦ ગુણની આંતરિક વિકલ્પ પધ્ધતિ દ્વારા પ્રથમ સત્રના અંત પહેલા એટલે કે તા.૧૦-૧૧-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.જેમાં વધારાની કસોટીનો પણ સમાવેશ થાય છે.જે વિધાર્થીઓ અગાઉના સેમેસ્ટરની આંતરિક પરીક્ષામાં નાપાસ થયા હોય તેમની પરીક્ષા પણ આ પરીક્ષાઓ સાથે ગોઠવવી.

(બ)સેમેસ્ટર II (પ્રથમ વર્ષ) અને સેમેસ્ટર IV (દ્વિતીય વર્ષ)ના CBCS આધારિત તમામ સબંધિત અભ્યાસક્રમોમાં આંતરિક કસોટી દોઢ કલાકની ૫૦ ગુણની આંતરિક વિકલ્પ પધ્ધતિ દ્વારા બીજા સત્રના અંત પહેલા એટલે કે તા.૨૦-૪-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.જેમાં વધારાની કસોટીનો પણ સમાવેશ થાય છે. જે વિધાર્થીઓ અગાઉના સેમેસ્ટરની આંતરિક પરીક્ષામાં નાપાસ થયા હોય તેમની પરીક્ષા પણ આ પરીક્ષાઓ સાથે ગોઠવવી.

**૮:તૃતીય વર્ષ માટે:**

(અ)તૃતીય વર્ષની તમામ સબંધિત અભ્યાસક્રમોમાં પ્રથમ આંતરિક કસોટી દોઢ કલાકની ૫૦ ગુણની આંતરિક વિકલ્પ પધ્ધતિ દ્વારા પ્રથમ સત્રના અંત પહેલા એટલે કે તા.૧૦-૧૧-૧૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

(બ)તૃતીય વર્ષની તમામ સબંધિત અભ્યાસક્રમોમાં દ્વિતીય આંતરિક કસોટી (પ્રિલીમનરી) ત્રણ કલાકની ૧૦૦ ગુણની આંતરિક વિકલ્પ પધ્ધતિ દ્વારા તેમજ વધારાની કસોટી તા.૧-૩-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.પ્રિલીમનરી પરીક્ષાનું મૂલ્યાંકન કેન્દ્રસ્થ રાખીને તા.૭-૩-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. વધારાની કસોટી પણ ત્રણ કલાક અને ૧૦૦ ગુણની રહેશે.

**૯:યુનિવર્સિટી પરીક્ષાઓ:**
સેમેસ્ટર I (પ્રથમ વર્ષ) અને સેમેસ્ટર III (દ્રિતીય વર્ષ)ની End Semester Exam તા.૨૧-૧૧-૨૦૧૨ થી તા.૧૫-૧૨-૨૦૧૨ દરમ્યાન યોજવામાં આવશે.આ અંગેનો કાર્યક્રમ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

**૧૦**:સેમેસ્ટર II (પ્રથમ વર્ષ) અને સેમેસ્ટર IV (દ્રિતીય વર્ષ)ની End Semester Exam તા.૨૬-૪-૨૦૧૩ પછી યોજવામાં આવશે.આ અંગેનો કાર્યક્રમ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

**૧૧**:તૃતીય વર્ષની જુદી જુદી પરીક્ષાઓ તા.૧૫-૩-૨૦૧૩ થી શરૂ થશે.આ અંગેનો કાર્યક્રમ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

**૧૨**:ઉપર જણાવેલ સત્રોની તથા આંતરિક પરીક્ષાઓની ગોઠવણી વિનયન,વિજ્ઞાન,વાણિજય,શિક્ષણ, કાયદા વિધાશાખાની સંલગ્ન કોલેજોને તથા બી.બી.એ.,બી.સી.એ.,બી.પી.એડ,યોગા કોલેજોને પણ લાગુ પડે છે.

**૧૩**:તમામ કોલેજોએ તૃતીય વર્ષ શૈક્ષણિક કાર્ય તા.૧૮-૨-૨૦૧૩ સુધી ચાલુ રાખવું.

**૧૪**:પ્રથમ સત્ર અને બીજા સત્રના કામકાજના દિવસો રવિવારની અને અન્ય જાહેર રજાઓ બાદ કર્યા પછીના છે.

કા.કુલસચિવ,

# ગુજરાત યુનિવર્સિટી
## અમદાવાદ

**પ રિ પ ત્રઃ-**

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ભવનના અધ્યક્ષશ્રીઓ અને અધ્યાપકો તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ માટે.

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટીના ૨૦૧૨-૧૩ના શૈક્ષણિક વર્ષમાં સેમેસ્ટર ૧ થી ૪ની ગોઠવણી તેમજ પરીક્ષાની પધ્ધતિ અંગે નીચે મુજબનું આયોજન કુલપતિશ્રીના આદેશાનુસાર કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧: સત્ર આરંભ | તા.૧૫-૬-૨૦૧૨ |
| ૨: પ્રથમ સત્ર સેમેસ્ટર-I/III | તા.૦૧-૦૭-૨૦૧૨ થી ૧૦-૧૧-૨૦૧૨ |
| ૩: દિવાળી વેકેશન : | તા.૧૧-૧૧-૨૦૧૨ થી ૦૨-૧૨-૨૦૧૨ |
| ૪: દ્રિતીય સત્ર આરંભ : | તા.૦૩-૧૨-૨૦૧૨ |
| ૫: દ્રિતીય સત્ર સેમેસ્ટર-II/IV | તા.૧૫-૧૨-૨૦૧૨ થી ૨૬-૦૪-૨૦૧૩ |
| ૬: ઉનાળુ વેકેશન : | તા.૦૮-૦૫-૨૦૧૩ થી ૧૪-૦૬-૨૦૧૩ |

૭: પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની આંતરિક કસોટી/રી-ટેસ્ટ દોઢ કલાકની સૂચવેલ પધ્ધતિ દ્રારા સેમેસ્ટર દરમ્યાન તા.૧૦-૧૧-૨૦૧૨ સુધીમાં ગોઠવવાની રહેશે.

૮: દ્રિતીય/ચોથા સેમેસ્ટરની આંતરિક કસોટી/રી-ટેસ્ટ દોઢ કલાકની સૂચવેલ પધ્ધતિ દ્રારા સેમેસ્ટર દરમ્યાન તા.૧૫-૪-૨૦૧૩ સુધીમાં ગોઠવવાની રહેશે.

૯: દરેક સેમેસ્ટરની આંતરિક કસોટી ૫૦ ગુણની રહેશે.

૧૦: પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષા (End Semester Exam) તા.૨૧-૧૧-૨૦૧૨ થી ૧૫-૧૨-૨૦૧૨ દરમ્યાન યોજાશે.

૧૧: દ્રિતીય/ચોથા સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષા (End Semester Exam) આશરે તા.૧-૫-૨૦૧૩થી યોજાશે.

વિધાર્થીઓની સજજતા પૂરેપૂરી કેળવાય અને એમની શૈક્ષણિક લાયકાત વધતી રહે તે માટે ભવનોમાં અને અનુસ્નાતક કેન્દ્રોમાં ખુબ ગંભીરતાથી આંતરિક પરીક્ષાઓનુ આયોજન કરવું.તે માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવ્યા છે.

૧૨: વિધાર્થીને માટે આંતરિક પરીક્ષાઓ આપવી ફરજીયાત છે,સેમેસ્ટર પધ્ધતિના માળખામાં આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણનું પ્રમાણ ૩૦ : ૭૦ રાખવામાં આવેલ છે.

૧૩: આ પરીક્ષાના પેપર તથા તેના ગુણપત્રકો યુનિવર્સિટીને પરીક્ષાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મોકલવાના રહેશે.

૧૪: ભવનો માટે આંતરિક પરીક્ષાઓના પેપરો યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્રારા છપાવવાના રહેશે. જો એની સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તો પૂર્વ મંજૂરી મેળવીને ઝેરોક્ષ કરી શકાશે.

૧૫: આંતરિક પરીક્ષાનું સુપરવિઝન જે તે વિષયના અધ્યાપકોએ ફરજના ભાગરૂપે કરવાનું રહેશે.

૧૬: મુદા નં-૯-માં દર્શાવેલ આંતરિક પરીક્ષાના ગુણ ઉપરાંત દરેક ભવનમાં અને અનુસ્નાતક કેન્દ્રોએ Class Participation અને હાજરીના ગુણ નકકી કરેલ નિયમો પ્રમાણે યુનિવર્સિટીને મોકલવાના રહેશે.

કા.કુલસચિવ,

નં.એકેડેમિક/ ૩૧૨૬૯/૨૦૧૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા.અમદાવાદ-૯
તા.૨૯-૦૬-૨૦૧૨